જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૫/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૮૨૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૫૯	૫	૧૧૪૬૪	૧૭૫૭૮	૫	૧૭૫૮૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૧	૦	૮૧	૨૯૫	૦	૨૯૫
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૪૪૩૧૩	૩૫૪	૪૪૬૬૭	૪૫૨૦૦	૩૩૨	૪૫૫૩૨
કુલ		૬૦૫૬૧	૩૫૯	૬૦૯૨૦	૬૯૩૧૬	૩૩૭	૬૯૬૫૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૫૧	૧,૨૪,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૦૫૧	૨૦,૫૧,૦૦૦/-

જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન :

જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવુત્તી નેસ્ત નાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય અને હાલમા મે.ડી.જી.પી સાહેબ તરફથી પ્રોહી/જુગાર અંગેની ડ્રાઇવ ચાલતી હોય જેના અનુસંધાનમા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ પ્રોહી-જુગારના કેસો શોધી કાઢવા સારૂ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ સાહેબ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે મોડી રાતના ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે હાજર હતા દરમ્યાનમા પો.સબ.ઇન્સ ડી.જે લકુમ સાહેબનાઓને મળેલ બાતમી આધારે તા.૦૯/૦૫/૨૦૨૧ ના કલાક ૦૧/૧૫ વાગે ઇસનપુર શાહઆલમ રસુલાબાદ લુબા ફલેટની ગલીમા અમીનાબીબીની ચાલીમા અબ્દુલ રજાક સત્તારભાઇ શેખનુ મકાન જે મહમદરફીક ઉર્ફે ગબ્બુના કબ્જામા છે ત્યા મહંમદરફીક ઉર્ફે ગબ્બુ નાદીરહુસેન સૈયદ રહે, પાનવાળી ચાલી શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેર તથા સફદરહુસેન ઇકબાલહુસેન સૈયદ રહે,શાલીમાર સિનેમાની સામે મહારાજની ચાલી શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેર નાઓ બહારથી ખેલીઓ બોલાવી ગંજીપાનાથી પૈસાનો હારજીતનો જુગાર રમી રમાડતા હોય સદરી જગ્યાએ રેઇડ કરી આરોપીઓ (૧) મહંમદઇરફાન ઇકબાલભાઇ શેખ ઉ.વ ૩૬ રહે,મ.નં ૨૧ એમ.એસ.ડુપ્લેક્ષ ફોઝીયા કોમ્પલેક્ષની પાછળ દાણીલીમડા અમદાવાદ શહેર+૧૨=૧૩ નાઓને જુગારના સાધનો રોકડા નાણા રૂપિયા ૩૯,૭૮૦/-તથા મોબાઇલ ફોન નંગ-૬ કુલ કિંમત રૂપિયા ૪૮,૦૦૦/-તથા પાથરણુ નંગ-૦૧ કિ.રૂ ૦૦/૦૦ તથા ગંજીપાના નંગ-૧૦૪ કિ.રૂ ૦૦/૦૦ ની મળી કુલ રૂપિયા ૮૭,૭૮૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી ઇસનપુર પો.સ્ટેશન ગુના નં.પાર્ટ-બી ૧૧૧૯૧૦૨૨૧૧૪૭૫/૨૦૨૧ જુગારધારા કલમ ૪,૫ મુજબનો ગુનો શોધી કાઢેલ છે.

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૨૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી, ૬૪ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૫૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૩૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૮૩૧/૨૦૨૧**

બાપુનગર : મંજુલાબહેન રામઅવતાર શર્મા (ઉ.વ.૬૦)(રહે. ગુ.હા.બોર્ડ, શુભલક્ષ્મી ફ્લેટની સામે, બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૫/૨૦૨૧ રાતના ૧૧/૩૦ થી તા.૧૦/૦૫/૨૦૨૧ સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના કુલ કિંમત રૂપિયા ૩,૦૨,૦૦૦/- અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૮૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.પી.ગઢવી ચલાવે છે.

દાઝી જતાં મૃત્યુ :- **સમાચાર યાદી નં.૮૩૨/૨૦૨૧**

કૃષ્ણનગર : જયશ્રીબહેન વા/ઓ દેવીલાલ લુહાર (ઉ.વ.૨૫) (રહે.શ્યામલ પાર્ક સોસાયટી, મનોહરવિલા ચાર રસ્તા પાસે, નવા નરોડા) તા.૨૯/૦૪/૨૦૨૧ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરમા દુધ ગરમ કરવા જતા, રસોડામાં ગેસની ઉપરની બાજુ મુકેલ ખાંડની બરણી લેવા જતાં ત્યાં પડેલ સેનેટાઇઝરની બોટલ ગેસ ઉપર પડતાં અચાનક ભડકો થતાં, જયશ્રીબહેન શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૯/૦૫/૨૦૨૧ રાતના ૧૦/૦૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ જયશ્રીબહેનને મૃત જાહેર કર્યા હતા. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમી.શ્રી “જી” ડિવિઝન નાઓ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી